ગાંધીનગર બન્યું ખાડાનગર

ચ-૦ થી ઘ-૦ તરફ જતા માર્ગ ઉપર મોટો ભૂવો પડ્યો : બુલેટચાલક ભુવામાં પડતા બચ્યો : ઘ-૪ અંડરબ્રીજમાં ગટરનું પાણી ફરી વળ્યું, અસહ્ય દુર્ગંધ ફેલાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં માર્ગો પર ભૂવાઓ પડવાની સમસ્યાઓ દિન પ્રતિદિન વધી રહી છે. આખે આખી ગાડી સમાઈ જાય તેવા મોટા ભૂવાઓ પડી રહ્યા છે. એસ.જી. હાઈવે પર આવેલા તારાપુર પાસેના ઓવરબ્રીજ નીચેથી પસાર થતી ગટરલાઈનનું સમારકામ ચાલી રહ્યુ હોવાથી સરગાસણ સ્થિત સિવરેંજ પમ્પિંગ સ્ટેશન પર પમ્પિંગ બંધ રાખવાની ફરજ પડી છે જેના કારણે ઓવરફ્લોની સમસ્યા સર્જાતા ચ-૦ થી ઘ-૦ માર્ગ પર મોટો ભૂવો પડતાં એક બાઈકચાલક ખાડામાં ગરકાવ થતાં થતાં રહી ગયો હતો. એક જ માર્ગ પર એક જ દિવસે બે મોટા-મોટા ભૂવાઓ પડતાં આ વિકાસના કામો કરતી સરકારની કામગીરી ચોખ્ખે-ચોખ્ખી જનતાને નજરે પડી રહી છે. આ મસમોટા ભૂવાની પાસે એક ગટર ખુલ્લી હાલતમાં જોવા મળી રહી છે. જેના પર કોઈ ઢાંકણ ન હોવાના કારણે ગંભીર અકસ્માત નોતરી શકે છે. આસપાસ ઘાસ ઉગી નીકળ્યુ છે તેથી અબોલ પશુ ઘાસ ચરવા આવે અને આ ખુલ્લી ગટરમાં ફસાઈ જાય તેવી ભીતિ પણ છે. આ ઉપરાંત અહીંથી અવરજવર કરતી વ્યક્તિ આ ખુલ્લી ગટરમાં પડી જાય તો ગંભીર ઈજાઓ પહોંચી શકે છે. આ માર્ગ પરથી હજારો વ્યક્તિ અવરજવર કરે છે. તેથી આ રીતે માર્ગોની આસપાસ ગટરો ખુલ્લી દેખાવી તંત્રની ગંભીર બેદરકારી છે. ઘ-૪ના અંડરબ્રીજની ગટરમાંથી પણ દૂષિત પાણી બેક મારવા લાગતાં વાહનચાલકો પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે. શહેરમાં વિકાસના મોટા મોટા વાયદાઓ કરતી સરકારની પોલ ખુલી ગઈ છે. જેમાં અગાઉ પડદા લગાવીને ભૂલ છુપાવવાની ઝડપી કાર્યવાહી કરી હતી તેમ આ ભૂવાઓને કોઈ છુપાવી શકે તેમ ન થઈ શક્યુ અને તંત્રની પોલ ખુલી ગઈ. શોભાના ગાંઠ્યા સમાન મોટા મોટા પહોળા માર્ગો ઝડપથી બનાવ્યા અને ઝડપી કામગીરીનું પરિણામ માર્ગો પર પડેલા ભૂવાઓ છે. જેનો ભોગ નિર્દોષ વ્યક્તિને ભોગવવો પડે છે.

નવા નક્કોર બનેલા ઓવરબ્રીજ પણ તુટવા લાગી ગયાં છે અને એના પછી નવા બનેલા રોડ પર પણ ભૂવા પડવા લાગ્યા છે. સ્માર્ટસીટી બનાવવાની હોડમાં કોન્ટ્રાક્ટરો કંઈ ક્વોલિટીનું કામ કરે છે, માત્ર ડેડ લાઈન વહેલા કામ ગમે તેમ કરીને પુરૂ કરતા આ પરિણામ મળે છે.

બુલેટચાલક ભુવામાં ગરકાવ થતાં રહી ગયો

ગાંધીનગરમાં શનિવારે સવારથીજ માર્ગો પર ભુવા પડવાની સાથે સાથે ગટર ઉભરાવવાની સમસ્યા સર્જાઈ છે. જેના કારણે નગરજનો પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવા મજબૂર બન્યા છે. શનિવારે સવારે ચ-૦ થી ઘ-૦ તરફ જવાના માર્ગ પર અચાનક જ નવીન બનેલો માર્ગ બેસી ગયો હતો. જેના કારણે બુલેટચાલકે કાબુ ગુમાવી દેતા થોડેક આગળ જઈને તે નીચે પડી ગયો હતો.

ઘ-૪ અંડરબ્રીજમાં ગટરનું પાણી ફરી વળ્યું

ઘ-૪ અંડરબ્રીજ બન્યો ત્યારથી જ વિવાદમાં સપડાયો છે. તેની બાંધકામથી માંડીને તેના મજબૂતીકરણ સામે અનેક ભ્રષ્ટ્રાચારના આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે શનિવારે સવારથી ગટરના દૂષિત પાણી ફરી વળતાં બેભાન થઈ જવાય તેવી દુર્ગંધ પ્રસરી રહી છે. તો શાહપુર રોડ પર પણ સવારે અજાણ્યા વાહનની ટક્કરથી એક ભેંસનું સ્થળ પર મોત નીપજ્યુ છે. જેના કારણે પણ અહીં સવારથી ટ્રાફિક જામના દેશ્યો સર્જાયા હતા. શહેરને રખડતા ઢોરોએ બાનમાં લઈ લીધું હોવા છતાં કોર્પોરેશનતંત્ર આંખ આડા કાન કરીને જીવલેણ દુર્ઘટના સર્જાય એની રાહ જોઈને બેઠું હોય એવો ઘાટ ઘડાયો છે.

ભુવા પડતા તંત્ર દોડતુ થયું

શહેરમાં ભુવા પડવાની સમસ્યા સર્જાતા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તાબડતોબ ચ-૦ દોડી આવ્યા હતા. આ અંગે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેને જણાવ્યુ હતુ કે એસ.જી. હાઈવે પર આવેલી તારાપુર ચોકડી ખાતે ઓવરબ્રીજ નીચેની ગટરલાઈનનું રિપેરીંગ નેશનલ હાઈવે ડિવિઝન માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ કામગીરીને લીધે સરગાસણ સ્થિત સિવરેજ પમ્પિંગ સ્ટેશન પર પમ્પિંગ બંધ રાખવાની જરૂર પડી છે. જેના કારણે ઓવરફ્લોના લીધે ગાંધીનગરના અમુક વિસ્તારો તેમજ અંડરપાસ પર ગટર ઉભરાવવાની કે ગટરનું પાણી બેક મારવાની સ્થિતિ ઉદ્ભવી છે.

જોત જોતામાં મસ મોટો ભૂવો પડ્યો

આ ભુવાના દેશ્ય જોઈને અન્ય રાહદારીઓ એકઠા થઈ ગયા હતા અને માર્ગ પર ભૂવો પડવાની તૈયારી હોઈ અન્ય વાહનચાલક ભોગ ન બને તે માટે ઝાડની ડાળીઓ લગાવવા લાગી ગયા હતા. જોકે જોતજોતામાં અચાનક મસમોટો ભુવો પડવા લાગ્યો અને રાહદારીઓના જીવ અદ્ધર થઈ ગયા હતા.

શહેરમાં વિશ્વના ૧૯૩ દેશોના રાષ્ટ્રધ્વજનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા સેક્ટર-૨૮માં વસંતકુંવરબા હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં ભારતના તિરંગા સાથે વિશ્વના ૧૯૩ દેશોના રાષ્ટ્રધ્વજનું પ્રદર્શન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે તસવીરે ગાંધીનગરના તંત્રી કશ્યપ નિમાવત, અતિથિ વિશેષપદે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ સંજય થોરાત, ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબના પૂર્વ પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ ઉપરાંત ઈન્ચાર્જ આચાર્યા પ્રજ્ઞાબેન ત્રિવેદી, મહેન્દ્રભાઈ ચૌહાણ, કાંતિભાઈ પટેલ, પ્રવિણભાઈ રામી, નિમેશ ચૌહાણ, વિમલાબેન પટેલ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમ માટે સુરજબા મેમોરિયલ ટ્રસ્ટના પ્રમુખ પેટલાદ તાલુકાના જેસરવા ગામના ગોવિંદભાઈ પટેલ દ્વારા તમામ દેશોના રાષ્ટ્રધ્વજની સેવા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રમુખ ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાઈસ્કૂલના બાળકો જોડાયાં હતા જેમણે કાર્યક્રમના સમાપને રાષ્ટ્રગાન કર્યુ હતું.

ગાંધીનગરમાંથી પસાર થઈ નડાબેટ સુધીની તિરંગા યાત્રા

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તિરંગા યાત્રાના સમાપને નડાબેટ ખાતે જવાનોનું કરાશે સન્માન

ગાંધીનગર, તા.૧૩

સમગ્ર દેશમાં "આઝાદીનો અમૃત મહોત્સવ"ના ભાગરૂપે ઈન્દિરાબ્રિજ ખાતેથી સિવિલ ડિફેન્સના કેડરો સહિત આશરે ૧૫૦થી વધુ યાત્રિકો ૪૨ ગાડીઓમાં સવાર થઈ સુઈગામ પાસે ભારત-પાકિસ્તાન બોર્ડર નજીક નડાબેટ સુધીની તિરંગા યાત્રા યોજવામાં આવી છે જે આજે ગાંધીનગર શહેરમાંથી પસાર થઈ હતી.

દેશ જ્યારે તેની આઝાદીના ૭૫ વર્ષના અમૃત પર્વની ઉજવણી કરી રહ્યો છે જેના ભાગરૂપે "હર ઘર તિરંગા" કાર્યક્રમનું આયોજન દેશભરમાં કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઈન્દિરાબ્રિજ ખાતેથી રઘુનાથ સ્કૂલના પ્રિન્સિપાલ મહેન્દ્ર યાદવ દ્વારા તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું જે દરમ્યાન સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું. તિરંગા યાત્રા નડાબેટ પહોંચી સીમા પર દેશની રક્ષા માટે ફરજ બજાવતા જવાનોને સિવિલ ડિફેન્સના મહિલા ચીફ રંજીતા કૌર દ્વારા ધ્વજ અર્પણ કરવામાં આવશે. આ તિરંગા યાત્રા જ્યારે ગાંધીનગર શહેરમાંથી પસાર થઈ ત્યારે તેને નિહાળીને નાગરિકોમાં ભારે ઉત્સુકતા સાથે ઉત્સાહ જોવા મળ્યો હતો.

મધુર કેરીયર એકેડેમી દ્વારા ૧૫મીએ યુવાનોને માર્ગદર્શન માટે સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મધુર ડેરી ગાંધીનગર જિલ્લાના યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે 'મધુર કેરીયર એકેડેમી' શરૂ કરવા જઈ રહી છે. તેના ભાગરૂપે યુવાનોને માર્ગદર્શન માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર ૧૫મી ઓગષ્ટે સવારે ૮ વાગ્યે મધુર કેરીયર એકેડેમી, ક-૬, ટાટા ચોકડી, સે. ૨૫ ખાતે યોજાશે. જેમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તિરંગા રેલી જુની મધુર ડેરીથી નવી મધુર ડેરી ખાતે સવારે ૮ કલાકે પહોંચશે. સવારે ૮.૪૫ કલાકે નવી મધુર ડેરી, ટાટા કોડડી, સે. ૨૫ ખાતે યોજાશે.

ગુજરાત સાયન્સ સિટી અને ગુજકોસ્ટ દ્વારા 'વિશ્વ અંગદાન દિવસ ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી અને ગુજકોસ્ટ દ્વારા નાગરિકોમાં અંગદાનના મહત્વ વિશે જાગૃતિ વધારી, અંગદાન માટે પ્રેરિત કરવા સાયન્સ સિટી ખાતે તા.૧૩ ઓગષ્ટે વિશ્વ અંગદાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિતે 'સેકન્ડ હેન્ડ' નામની ખાસ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડોક્ટરો સાથે વાર્તાલાપ, વિદ્યાર્થીઓએ દ્વારા સ્કિટ/ક્વિઝ જેવી વિવિધ પ્રવૃતિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં પ્રખર વૈજ્ઞાનિક અને વિજ્ઞાન પ્રસાર,ભારત સરકારના ભુતપૂર્વ ડાયરેક્ટર ડો. વિનય ભુષણ કાંબલે, ગુજકોસ્ટના એડ્વાઈઝર ડો. નરોત્તમ સાહુ, 'સેકન્ડ હેન્ડ' ફિલ્મના લેખક અને ડાયરેક્ટર પ્રીતિ ભટ્ટ તથા નિર્માતા ડો. મનોજ ગુંબર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડો. વિનય ભૂષણે હર ઘર ત્રિરંગા કેમ્પેનની જેમ હર ઘર ઓર્ગન ડોનરની પહેલ શરૂ કરવા જણાવ્યુ હતું. ડો, નરોત્તમ સાહુએ વિદ્યાર્થીઓને અંગદાનની જરૂરિયાત અને મહત્વ જણાવ્યુ હતું.

વિશેષ થેરાપી સેન્ટર ખાતે "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત વિશેષ થેરાપી સેન્ટરના બૌદ્ધિક દિવ્યાંગ બાળકો દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આજે "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય અતિથિ પદે શહેરના મેયર હિતેશ મકવાણાએ ઉપસ્થિત રહી તેમના જન્મદિવસની ઉજવણી પણ મનોદિવ્યાંગ બાળકો વચ્ચે કરીને એક અનોખું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે સેન્ટરના બૌદ્ધિક દિવ્યાંગ બાળકો તેમજ વાલીઓ અને વિશિષ્ટ શિક્ષકો દ્વારા દેશભક્તિના ગીતો ગાઈને સૌને મંત્ર મુગ્ધ કરી દીધાં હતા. આ પ્રસંગે રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અનુપ પરીખ તેમજ ભાનુભાઈ ચૌહાણ હાજર રહ્યાં હતા. પ્રિન્સિપાલ ચિરાગ ઉપાધ્યાય અને નિયામક દિપાલી ઉપાધ્યાયે સમગ્ર કાર્યક્રમનું સફળ રીતે સંચાલન કર્યુ હતું.

શહેરમાં ટોરેન્ટ પાવર તંત્રની બેદરકારીથી ખાડારાજ

તાજેતરમાં વીજકંપની દ્વારા નવા કેબલ નાખવાની કામગીરી માટે ખોદકામ કરાયા હતા જેનું યોગ્ય પૂરાણ ન થવાથી ઊંડા ખાડાઓ પડ્યા

ગાંધીનગર, તા. ૧૩

સેક્ટર-૨ માં અર્બન હેલ્થ સેન્ટર પાસે ટોરેન્ટ પાવર વીજકંપની દ્વારા તાજેતરમાં નવો કેબલ નાખવાની કામગીરી માટે ખોદકામ કર્યા બાદ ખાડા પૂરવાની કામગીરી યોગ્ય રીતે કરવામાં ન આવતા વરસાદી પાણીથી માટી પાણીમાં ધોવાઈને વહી જવાથી ખાડાઓ ખુલ્લા થઈ ગયા છે જે ખૂબ જોખમકારક છે. કેબલ નાખવાની કામગીરી થઈ ગયા બાદ ખોદકામનું પૂરાણ થોડી ઘણી માટી નાખીને કરી દેવાયું હતું જેના કારણે હાલમાં તંત્રનું ઢીલું કામ નજરે પડી રહ્યું છે. ભારે વરસાદના કારણે આ માટી પાણીના વહેણ સાથે ધોવાઈ ગઈ હોવાથી મસમોટા ખાડા નજરે પડી રહ્યા છે. કોન્ટ્રાક્ટરો દ્વારા કામગીરીનું સ્થળ પર જઈને ચેકિંગ ન કરવામાં આવતા આ પ્રકારની પરિસ્થિતિઓ ઉભી થાય છે. જેમાં સ્થાનિક રહિશોને મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. આ ખાડાઓ યોગ્ય રીતે પુરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ટોરેન્ટ પાવર વીજ કંપનીના સંબંધિત અધિકારીઓ તાત્કાલિક આ જોખમરૂપ ખાડા પૂરાવાની અને બ્લોક ફરી બરાબર ફીટ કરાવી દેવાની કામગીરી કરાવે તેવી લોકમાંગણી ઉઠી છે. ગાંધીનગરમાં ઠેર ઠેર વિકાસના કાર્યો તો થઈ રહ્યા છે પરંતુ શહેરીજનોની ફરિયાદોને જોતા દરેક કામોમાં આ પ્રકારની બેદરકારી જોવા મળી રહી છે. અધૂરી કામગીરીના કારણે જે તે વિસ્તારના રહીશોને હેરાનગતિ થાય છે. ચોમાસાના દિવસોમાં શહેરમાં પાણી ભરાઈ જાય છે.

જેમાં આ ખાડાઓ નજરે પડે નહિ અને ગંભીર અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે. પ્રિ-મોન્સુનની કામગીરીનો તો પર્દાફાસ થઈ જ ગયો છે. કારણ કે વરસાદના આરંભમાં જ ઠેર ઠેર પાણી ભરાયા અને માર્ગો પર ભૂવાઓ પડ્યા જે હજી પણ યથાવત છે. જો આ ખાડાઓના કારણે કોઈ નાગરિકને ગંભીર ઈજાઓ થશે તો કોણ જવાબદાર રહેશે.

તંત્ર દ્વારા આ ખાડાઓનું ઝડપથી યોગ્ય પુરાણ કરવામાં આવે તે જ યોગ્ય રહેશે. સેક્ટર-૨-સી માં પ્લોટ નં. ૧૫૨૮/૨ આગળ બ્લોક કાઢીને કરેલો ઊંડો ખાડો ખુલી જવા પામ્યો છે તેથી જવાબદાર તંત્ર નિંદ્રામાંથી જાગે અને આ કામગીરી કરાવે તેવી માંગ ઉઠી રહી છે.